# Fourth India-Japan Cyber Dialogue

**June 30,2022**

---

# ચોથો ભારત-જાપાન સાયબર સંવાદ

30 જૂન, 2022

ભારત દ્વારા 30 જુન 2022 નાં રોજ વર્ચ્યુઅલી ચોથો ભારત-જાપાન સાયબર સંવાદ યોજવામાં આવ્યો હતો. ભારતીય પ્રતિનિધિ મંડળની આગેવાની વિદેશ મંત્રાલયનાં સાયબર ડિપ્લોમેસી ડિવિઝનનાં સંયુક્ત સચિવ શ્રીમતિ મુઆનપુજી સાજાવી દ્વારા કરવામાં આવી હતી, જ્યારે જાપાનીઝ પ્રતિનિધિ મંડળની આગેવાની વિદેશ મંત્રાલયનાં સાયબર નીતિનાં ઈન-ચાર્જ રાજદૂત શ્રીમાન યુકાતા અરિમા દ્વારા કરવામાં આવી હતી.

2. ભારતીય પ્રતિનિધિ મંડળમાં વિદેશ મંત્રાલય (MEA), ગૃહ મંત્રાલય (MHA), રક્ષા મંત્રાલય (MoD), રાષ્ટ્રિય સુરક્ષા પરિષદ સચિવાલય (NSCS), ઈલેક્ટ્રોનિક્સ અને ઈન્ફર્મેશન ટેકનોલોજી મંત્રાલય (MEITY), ટેલીકમ્યુનિકેશનવ વિભાગ (DoT), ભારતીય કમ્પ્યૂટર આપાત્તકાલિન પ્રતિભાવ ટીમ (CERT-In) અને નેશનલ ક્રિટિકલ ઈન્ફર્મેશન ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોટેક્શન સેન્ટર (NCIIPC) નાં વરિષ્ઠ અધિકારીઓનો સમાવેશ થતો હતો. જાપાનીઝ પ્રતિનિધિ મંડળ નેશનલ સેન્ટર ઑફ ઈન્સિડેન્ટ રેડીનેસ એન્ડ સ્ટ્રેટેજી ફૉર સાયબર સીક્યુરિટી, વિદેશી બાબતો અને સંચાર મંત્રાલય (MIC), રક્ષા મંત્રાલય, અર્થતંત્ર, વ્યાપાર અને ઉદ્યોગ મંત્રાલય (METI) અને MOFA નાં વરિષ્ઠ અધિકારીઓનો સમાવેશ કરતું હતું.

3. બન્ને પક્ષોએ દ્વિપક્ષીય સાયબર સહકારનાં મહત્વનાં ક્ષેત્રોની ચર્ચા કરી હતી અને 5જી ટેકનોલોજી સહિત સાયબર સુરક્ષા અને ઈન્ફર્મેશન એન્ડ કમ્યૂનિકેશન ટેકનોલોજીસ (ICTs) નાં ક્ષેત્રોમાં હાંસલ કરેલી પ્રગતિની સમીક્ષા કરી હતી. બન્ને પક્ષોએ સાયબર ક્ષેત્રમાં તાજેતરનાં વિકાસો અને સંયુક્ત રાષ્ટ્ર અને અન્ય બહુપક્ષીય અને પ્રાંતિય મંચો પર સાયબર પરામર્શો દરમિયાન પારસ્પરિક સહકાર પર દ્રષ્ટિકોણોની આપ-લે કરી હતી.

4. બન્ને પક્ષો પરસ્પર સાનુકૂળતા અનુસાર 2023 માં આગામી ભારત-જાપાન સાયબર સંવાદ યોજવા સંમત થયા હતા.

**નવી દિલ્હી**
**30 જૂન, 2022**

DISCLAIMER: This is an approximate translation. The original is available in English on MEA’s website and may be referred to as the official press release.